અપીલ અરજી નં.૪૭/૦૮–૦૯ તા. ૨૯–૫–૦૮

અરજદારઃ શ્રી મહેન્દ્રભાઈ અગ્રવાલ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી

## હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રભાઈ અગ્રવાલ,પ્રમુખશ્રી સેવાનિકેતન ચેરીટેબલ ટ્રસ્ટ,ની તા.૧૩–૨–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૨ સેવાનિકેતન સંસ્થામાંથી કબ્જો મેળવેલ વસ્તુઓ વિગેરેને લગતા મુદ્દાઓની માહિતી બાબત.

સંદર્ભેઃ– અરજદાર મજકુરની તા.૨૯–૦૫–૦૮ ની અપીલ અરજી નં.૪૭/૦૮–૦૯

શ્રી મહેન્દ્રભાઈ અગ્રવાલ,પ્રમુખશ્રી સેવાનિકેતન ચેરીટેબલ ટ્રસ્ટ,ની અરજદારે અપીલ અરજીમાં દર્શાવ્યા મુજબ તા.૧૩–૨–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૨ સેવાનિકેતન સંસ્થામાંથી કબ્જો મેળવેલ વસ્તુઓ વિગેરેને લગતા મુદ્દાઓની માહિતી બાબતે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ચીફ પ્રોજેકટ યુસીડી ધ્વારા નં.યુસીડી/૬૯ તા.૧૧–૪–૦૮ ના રોજ આપેલ માહિતી ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૨૯–૦૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૪ તા.૩–૬–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.યુસીડી/૪૧૫ તા.૨૦–૬–૦૮ ના રોજના પત્રની નકલ ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને મળેલ છે. તે સિવાયની કોઈ પૂરક વિગતો કે સ્પષ્ટતા મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૩–૨–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારે પોતાની અપીલ અરજીમાં સામેલ તમામ વિગતોની મુદ્દા નં.૧ થી ૧૨ બાબતે માહિતીની માંગણી કરેલ છે. જે ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નં.યુસીડી/૪૧૫ તા.૨૦–૬–૦૮ ના રોજ પૂરી પાડતો પત્ર પાઠવવામાં આવેલ છે. તથા સાથે તેમાં નિર્દિષ્ટ કોઈ પણ ઠરાવ પત્રની નકલ નિયત ફી ભર્યેથી પૂરી પાડવા પણ તૈયારી દર્શાવેલ છે. જેથી અરજદાર ઈચ્છુક હોય તેવી તે પૈકીની માહિતી જાહેર માહિતી અધિકારી નો સંપર્ક કરી મેળવવા સ્વતંત્ર છે.આરટીઆઈ કાયદાની કલમ–૭ (૬) ને અનુલક્ષી તે અંગે અરજદારને માંગવામાં આવેલ તે માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, યુસીડી,...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રભાઈ અગ્રવાલ,પ્રમુખશ્રી સેવાનિકેતન ચેરીટેબલ ટ્રસ્ટ,